ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૧/૨૩-૨૪/ 1548 તારીખ : 7 DEC 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા,**
**મું.સનાળી,**
**તા.કુંકાવાવ મોટી,**
**જી.અમરેલી-૩૬૫૪૫૦.**

કેસ નં.૫૧/૨૩-૨૪

**મો.નં- ૭૫૭૪૮ ૧૦૪૭૬**

**વિષય : નવું ખેતીવાડીનું વિજ કનેકશન જુનું લેણું કાઢી ન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૮/૦૯/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૨/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૧/૨૩-૨૪/૧૩૭૮ તા.૦૩/૧૦/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૧/૨૩-૨૪/૧૪૫૮ તા.૨૫/૧૦/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૮/૧૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી-૨, અમરેલી.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી, કુકાવાવ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૫૧/૨૩–૨૪</u> ☜

**વાદી :– શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૦૮/૧૧/૨૦૨૩</u>** ◈

**વાદી :– શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા ( પોતે)**

પ્રતિવાદી :– **શ્રી કે.બી.પોંકીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી.**
**કું.એમ.એમ.સાવલીયા, ઈન્ચાર્જ નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, કુકાવાવ**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા, મું.સનાળી, તા.કુકાવાવ મોટી, જી.અમરેલીની નવું ખેતીવાડીનું વિજ કનેકશન જુનું લેણું કાઢી ન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૧/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૧/૨૩–૨૪/૧૩૭૮ તા.૦૩/૧૦/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૮/૧૧/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.બી.પોંકીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી તેમજ કું.એમ.એમ.સાવલીયા, ઈન્ચાર્જ નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, કુકાવાવ ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ઉપરોકત વિષયે અમારી માનસર અરજ છે કે, હું ગામ સનાળીના રહેવાસી છીએ. સદરહુ મે.જયંતિભાઈ

ગોવાભાઈ પાસેથી જમીન ખરીદ કરેલ છે. જે તે મકાન ઉપર તેમનું લ્હેણું પીજીવીસીએલનું રૂા. ૨૯,૪૪૨/– જે રકમ બાકી હોય જેથી પીજીવીસીએલના પત્ર અમોને આપેલ છે કે, તમોને આ કનેકશન ખેતીવાડી મળે તેમ ન હોય તો અમોને તા. ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ કોટેશન અમોને આપેલ છે. જે કોટેશન ની રકમ અમોએ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. જેથી અમોને આ બાબતે વહેલી તકે કનેકશન આપવા માટે આજરોજ હું આપની કચેરીમાં મારી લેખિત અરજી નોંધાવુ છુ. આ મિલ્કત અલગ હોય અને તેના હિસાબે મને

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કનેકશન ન મળે તેવો પીજીવીસીએલ માંથી પત્ર મળેલ છે. તો આ બાબતે આપ સાહેબશ્રીને મારી વિનંતી કે, આ બાબતે તેમને લીગલ નોટીસ આપી અને તેમની પાસેથી રકમ ભરપાઈ કરવા મારી નમ્ર અરજ છે. આ મિલ્કત ખેતીવાડી હોય અને તમારી લ્હેણી રકમ મકાન ઉપર હોય તો તેમાં મને કનેકશન વિલંબ ન કરો અને કનેકશન તાત્કાલીક મળે તેમ કરી આપવા મારી નમ્ર અરજ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા, મું.સનાળી, તા.કુંકાવાવ–વડિયા, એ AG SC સ્કીમ હેઠળ ૧૦ એચ.પી ના વીજ કનેકશનની માંગણી કરેલ હતી. જેના કવોટેશનની રકમ રૂા. ૨૩૨૦/– તેમણે તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ ભરપાઈ કરેલ હતી. બાદમાં, તેઓની અરજી ઓડીટમાં આવતાં, ઘ્યાન પર આવ્યું કે, શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા એ જે જમીન પર કનેકશન માંગેલ છે તે જમીન તેમણે ૧. રામુબેન ગોવાભાઈ મકવાણા ૨. જયંતીભાઈ ગોવાભાઈ મકવાણા ૩. મધુભાઈ ગોવાભાઈ મકવાણા ૪. કાન્તાબેન ગોવાભાઈ મકવાણા આ ચારલોકોના સહિયારા વેચાણથી લીધેલ છે જે આ સાથે સામેલ નમુના નં.૬ ની નોંધ નંબર–૩૦૫૦ તા.૦૨/૦૨/૨૦૨૩ થી કુકાવાવ પેટાવિભાગ ને જાણવા મળ્યું છે. જયંતીભાઈ ગોવાભાઈ મકવાણા ના નામથી કુંકાવાવ પેટાવિભાગીય કચેરીનું નીચે મુજબની વિગતથી લેણી રકમ નીકળે છે.

૨.૨ તા.૦૭/૦૪/૨૦૧૭ ના રોજ બિન ગ્રાહક જયંતિભાઈ ગોવાભાઈ મકવાણા રહે.સનાળીના રહેણાંકમાં વિજ ચેકીંગ થતા ૫૪૦ વોટ વીજ વપરાશ બિન અધિકૃત માલૂમ પડેલ. જે અનુસંધાને રૂા.૭૬૦૬/– નું પુરવણી બિલ નં – ૪૪૩૧ તા.૦૭/૦૪/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ હતું. જે ભરપાઈ ન થતા તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ રૂા.૧૦,૦૫૬/૫૯ ની લ્હેણી રકમ માટે દીવાની દાવા નંબર– ૦૨/૨૦૨૦ થી વડીયા કોર્ટ માં દાવો કરેલ હતો. જે તા.૩૦/૧૨/૨૦૨૦ ના રોજ કંપની તરફેણમાં ચુકાદો આવેલ છે. જે મુજબ ૬% વ્યાજ સાથે લ્હેણી રકમ વસુલવા હુકમ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.આ કંપની તરફેણમાં નિર્ણય આવવા છતાંય આ રકમ ભરપાઈ કરવામાં ન આવતા વડીયા કોર્ટ દરખાસ્ત નં–૦૮/૨૦૨૩ થી રકમ રૂા.૧૧,૮૬૬/૭૭ ની દરખાસ્ત તા. ૦૪/૦૨/૨૦૨૩ ના રોજ દાખલ કરેલ છે.

૨.૩ તા.૧૬/૦૧/૨૦૧૮ ના રોજ બિન ગ્રાહક જયંતીભાઈ ગોવાભાઈ મકવાણા રહે. સનાળી ના રહેણાંકમાં વીજ ચેકિંગ થતા ૪૭૦ વોટ વીજ વપરાશ બિન અધિકૃત માલુમ પડેલ. જે અનુસંધાને રૂા.૬૭૭૦/– નું પુરવણી બીલ નં–૧૧૪૯ તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ હતું. જે ભરપાઈ ન થતા તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ રૂા.૮૩૬૯/૭૬ ની લ્હેણી રકમ માટે દીવાની દાવા નંબર – ૨૦૬/૨૦૧૯ થી વડીયા કોર્ટ માં દાવો કરેલ હતો. જે તા.૩૦/૧૨/૨૦૨૦ ના રોજ કંપની તરફેણમાં ચુકાદો આવેલ છે. જે મુજબ ૬% વ્યાજ સાથે લ્હેણી રકમ વસુલવા હુકમ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૪ તા.૧૫/૦૭/૨૦૧૯ ના રોજ બિન ગ્રાહક જયંતીભાઈ ગોવાભાઈ મકવાણા રહે.સનાળી ના રહેણાંકમાં વીજ ચેકીંગ તાં ૪૪૦ વોટ વીજ વપરાશ બિન અધિકૃત માલુમ પડેલ. જે અનુસંધાને રૂા. ૬૫૩૩/૧૭ નું પુરવણી બિલ નં – ७००૩ તા.૧૬/૦૭/૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ હતું. જે ભરપાઈ ન થતાં તા.૦૭/૧૦/૨૦૨૨ ના રોજ રૂા.૧૦,૦૧૫/૯૮ ની લ્હેણી રકમ માટે દીવાની દાવા નંબર – ૦૪/૨૦૨૨ થી વડીયા કોર્ટમાં દાવો દાખલ કરેલ છે.

૨.૫ આમ ઉપરોકત ત્રણેય કેસ મુજબની કુલ રકમ રૂા.૩૦,૨૫૨/૫૧ લેણી નીકળે છે.

સપ્લાય કોડ–૨૦૧૫ ના કલોઝ નં–૪.૬ મુજબ " Where the applicant has purchased or intends to purchase an existing property whose electricity connection has been disconnected, it shall be the applicant's duty to verify that the previous owner has paid all dues to the licensee and obtained a " No-dues certificate" from him. In case such "No - dues certificate" has not been obtained by the previous owner before change in ownership of property, the new owner may approach the licensee with details of previous connection for availing such a certificate. The licensee shall acknowledge receipt of such request and shall either intimate in writing the dues outstanding on the premises, if any, or issue a "No-dues certificate" within 1 month from date of receipt of such application."
ઉપરોકત કલોઝ મુજબ શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા એ "No due Certificate" અત્રેની કચેરીથી મેળવવાનું હોય, જે તેમણે મેળવેલ નથી. વધુમાં, તેમની અરજી સાથે જાહેર નોટીસ જોડેલ છે. પરંતુ સપ્લાય કોડમાં જાહેર નોટીસથી એનઓસી મેળવવા બાબતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેથી ઉપરોકત વિગતની જયંતીભાઈ ગોવાભાઈ મકવાણા રહે.સનાળીના નામની લેણી રકમ વસુલાત કરવાના હેતુથી લેણી રકમ ભરપાઈ થયા બાદ શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા ને કનેકશન આપી શકાય. જે આપ સાહેબશ્રીની જાણ તેમજ આગળની કાર્યવાહી સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા, મુ.સનાળી, તા.કુકાવાવ–વડીયા દ્વારા નવા ૧૦ એચ.પી AG SC સ્કીમ હેઠળના ખેતીવાડી વીજ કનેકશનની માંગણી કરતા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા જુનું લ્હેણું બાકી હોય, કનેકશન ન આપવામાં આવતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદી ની રજુઆતને ધ્યાને લઈ રૂબરૂ સુનાવણી માટે આજરોજ તા.૦૮/૧૧/૨૦૨૩ ના રોજ મુદત રાખવામાં આવેલ. જેમાં, બન્ને પક્ષકારોએ હાજર રહી પોતાનો પક્ષ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૩ ફોરમ સમક્ષ રજુ થયેલ રેકર્ડ, સ્ટેટમેન્ટ તેમજ પુરાવાઓ જોતાં ફોરમ નીચે મુજબ ના નિષ્કર્ષ પર આવે છે.

૧.વાદી દ્વારા મું.સનાળી, તા.કુકાવાવમાં સ.નં.૩૨૬/૨૪ માં નવું ખેતીવાડી વીજ જોડાણ મેળવવા અરજી કરતાં, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા અરજી સ્વીકારી તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ. જે વાદીએ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ ભરપાઈ કરી આપેલ. ત્યારબાદ, પ્રતિવાદી તે જગ્યા પર તે જગ્યાના જુના માલીક જયંતીભાઈ ગોવાભાઈ મકવાણાના નામનું બાકી લ્હેણું હોઈ વીજ કનેકશન મેળવવા માટેની એનઓસી કાઢી આપેલ નહી. જેને લીધે વાદી ને નવું વીજ કનેકશન મળેલ નથી.

૨.પ્રતિવાદી દ્વારા આ જગ્યાના જુના સંયુકત માલીક પર અન્ય જગ્યા પર કરવામાં આવેલ તા. ૦૭/૦૪/૨૦૧૭, તા.૧૬/૦૧/૨૦૧૮ તથા તા.૧૫/૦૭/૨૦૧૯ ના રોજ ના વીજ ચેકીંગ સમયના વીજ બીલના બાકી રકમ ભરપાઈ ન થતાં કરવામાં આવતા ૩ કોર્ટ કેસ નં–૦૨/૨૦૨૦, ૨૦૬/૨૦૧૯ અને ૦૪/૨૦૨૨ ની કોર્ટ વિગત રજુ કરવામાં આવેલ છે. (મુદ્દા નં ૨.૨, ૨.૩, ૨.૪.) જેની કુલ રકમ રૂ ૩૦,૨૫૨/૫૧ થાય છે.

ઉપરોકત ત્રણ કેસ નં–૨/૨૦૨૦ તથા ૨૦૬/૨૦૧૯ ના નામ કોર્ટના ચુકાદા પ્રતિવાદીની તરફેણમાં આવેલ છે. જેની કોર્ટ હુકમની અમલવારી પ્રતિવાદી દ્વારા હજુ પુર્ણ કરવામાં આવેલ નથી.

૩.આમ, ઉપરોકત કેસની વિગત જોતાં જણાય છે કે, હાલના અરજદાર શ્રી મોહનભાઈ અરજણભાઈ મકવાણા પાસે પ્રતિવાદીનું કોઈ જુનું લ્હેણું બાકી નથી તેમજ જે જગ્યા પર કનેકશન માંગેલ છે તે વિવાદ વાળા સર્વે નંબર પર પણ પ્રતિવાદીનું કોઈ જુનું લ્હેણું બાકી નથી. પ્રતિવાદી દ્વારા સપ્લાય કોડ–૨૦૧૫ કલોઝ નંબર–૪.૬ નું ખોટું અર્થઘટન કરીને વાદીને "No-dues certificate" આપેલ નથી, જે કાર્યવાહી નિયમોનુસારની નથી.

૩.૪ ઉપરોકત વિગતો ને આધારે હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદીને માંગેલ ખેતીવાડીનું નવું વીજ કનેકશન આપવાની કાર્યવાહી દિન–૩૦ માં પૂર્ણ કરી ફોરમને અહેવાલ કરવો, તેમજ કોર્ટ ચુકાદા મુજબની રીકવરીની કાર્યવાહી કરવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૦૮/૧૧/૨૦૨૩.